**ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરને વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માટેની સીધા ધિરાણની યોજનાઓને મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/GSK/e-file/17/2022/0003/G**
સચિવાલય, ગાંધીનગર
તા:૦૮/૧૧/૨૦૨૩

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગનોતા.૦૮/૦૨/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફા)/જ
(૨) નાણા વિભાગનો તા.૧૮/૦૯/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક:જનવ/૧૦/૨૦૧૯/૪૭૪/અ
(3) આ વિભાગનો તા.૧૭/03/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:સકવ/૧૦૨૦૨૧/૧૯૧/ગ
(૪) આ વિભાગનો તા.૨૪/૦૫/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: સકવ/૧૦૨૦૨૧/૧૯૮૩૮૫/ગ
(૫) આ વિભાગનો તા.૨૮/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:**EOD/e-file/17/2022/0073/જ**
(૬) ગુજરાત સફાઇકામદાર વિકાસ નિગમ, ગાંધીનગનો તા.૧૨/૦૫/૨૦૨૩નો પત્રક્રમાંક: **GSKVN/AEM/e-file/231/2023/0095/Project/595-96**

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક – (3) પરના ઠરાવથી આ વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરને વર્ષ ૨૦૨૦-૨૧ માં સીધા ધિરાણ યોજના હેઠળ યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક – (૪) પરના ઠરાવથી આ વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ: ૨૦૨૧-૨૨માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કુલ રૂ.૨૪૪૩.00 લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમને રૂ.૯૭૧.૫0 લાખ ફાળવવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક – (૫) પરના ઠરાવથી આ વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૨૨-૨૩માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કુલ રૂ.૨૫00.00 લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી ગુજરાત સફાઇ કામદાર નિગમને રૂ.૧000.00 લાખ ફાળવવામાં આવેલ છે.

વંચાણે લીધેલા ક્રમાંક - (૬) પરના પત્રથી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ માટેની સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટેની યોજનાઓને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માટે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ ગાંધીનગરને સીધા ધિરાણ યોજના હેઠળ નીચે મુજબની યોજનાઓને કોષ્ટકની નીચે દર્શાવેલ શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

વર્ષ: ૨૦૨૧-૨૨ ની યોજનાઓ

| ક્રમ | યોજનાનું નામ | યુનિટ | યુનિટ કોસ્ટ (રૂ.લાખમાં) | ચાલુ વર્ષે આવરી લેવાના થતા લાભાર્થી ની સંખ્યા | ધિરાણની કુલ રકમ (રૂ.લાખમાં) | વ્યાજ નો દર | લાભાર્થી દ્વારા લોન પરત ચુકવણીનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જનરલ ટર્મલોન (ધંધા/વ્યવસાય) | ૧ | ૧૦.૦૦ | ૫૦ | ૫૦૦.૦૦ | ૬% | ૫-વર્ષ |
| ૨. | જનરલ ટર્મલોન (વાહન) | ૧ | ૧૦.૦૦ | ૪૭ | ૪૭૦.૦૦ | ૬% | ૫-વર્ષ |
| કુલ | | | | ૯૭ | ૯૭૦.૦૦ | | |

વર્ષ: ૨૦૨૨-૨૩ની યોજનાઓ

| ક્રમ | યોજનાનું નામ | યુનિટ | યુનિટ કોસ્ટ (રૂ.લાખમાં) | ચાલુ વર્ષે આવરી લેવાના થતા લાભાર્થીની સંખ્યા | ધિરાણની કુલ રકમ (રૂ.લાખમાં) | વ્યાજનો દર | લોનની પરત ચુકવણીનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઇ-રીક્ષા | ૧ | ૨.૦૦ | ૫૦ | ૧૦૦.૦૦ | ૬% | ૫-વર્ષ |
| ૨. | વ્યક્તિગત લોન યોજના | ૧ | ૨.૦૦ | ૧૫૦ | ૩૦૦.૦૦ | ૬% | ૫-વર્ષ |
| ૩. | મહિલા સમૃધ્ધિ યોજન | ૧ | ૧.૦૦ | ૩૦૦ | ૩૦૦.૦૦ | ૪% | ૩-વર્ષ |
| ૪. | માઇક્રો ક્રેડિટ ફાઇનાન્સ યોજના | ૧ | ૧.૦૦ | ૩૦૦ | ૩૦૦.૦૦ | ૫% | ૩-વર્ષ |
| કુલ | | | | ૮૦૦ | ૧૦૦૦.૦૦ | | |

A. રાજ્ય સરકારને લોન પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગે ચુકવણી અંગેની કાર્યરીતિ વંચાણે લીધેલ ક્રમ(૧) પરના વિભાગના તા:૦૮/૦૨/૨૦૧૭ના ઠરાવ મુજબની રહેશે.

B. લોનની ચૂકવણી માટેના હપ્તા લોન ફાળવણીની તારીખથી અર્ધવાર્ષિક ધોરણે નક્કી કરવાના રહેશે અને નિગમ દ્વારા ચૂકવણી જે તારીખે લેણી થતી હોય તે તારીખો ખાસ નિયત કરી દર્શાવવાની રહેશે.

C. વંચાણે લીધેલ ક્રમ(૨) પરના નાણાં વિભાગના તા:૧૮/૦૯/૨૦૧૯ના પરિપત્રની અન્ય સૂચનાઓનું તેમજ નાણાં વિભાગના વખતો વખતની તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

D. ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

E. આ યોજનાને C.M Dash Board સાથે લીંક કરવી.

F. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

G. સોશિયો ઈકોનોમિક ઈમ્પેક્ટ ઈવેલ્યુશન / એસેસમેન્ટ કરવાનું રહેશે.

H. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોને અમલ કરવાનો રહેશે.

## ૨. યોજનાનો લાભ લેવા માટે અરજદાર નીચે જણાવેલ યોગ્યતા/પાત્રતા ધરાવતા હોવા જોઇએ:-

1. મુળ ગુજરાત રાજ્યના વતની હોય તેવા સફાઇ કામદાર કે તેમના આશ્રિત હોય તેવી વ્યક્તિઓ આ લોન મેળવવાપાત્ર થાય છે.
2. અરજદાર સફાઇ કામદાર કે તેમના આશ્રિતની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
3. અરજદારે કે તેમના કુટુંબના સભ્યએ આ નિગમની કે સરકારશ્રીની કોઇ પણ યોજના હેઠળ અગાઉ ધિરાણ મેળવેલ ન હોય, તેવા જ અરજદારો આ જાહેરાત અન્વયે અરજી કરી શકશે.
4. બી.પી.એલ. / વિધવા / ત્યકતા / વિકલાંગને અગ્રિમતા આપવામાં આવશે.
5. વાહન માટે અરજી કરનાર જાહેરાતની તારીખે વાહન ચલાવવાનું લાયસન્સ તથા ઓથોરાઇઝડ બેઇઝ ધારણ કરતાં હોવા જરૂરી છે.
6. સમયસર હપ્તા ન ભરનાર લાભાર્થી પાસેથી ૨% દંડનીય વ્યાજ લેવામાં આવશે.
7. યોજનાના લાભાર્થીને આપવામાં આવતા લાભ માટે ડીબીટી પધ્ધતી અનુસરવાની રહેશે.
8. મહિલા સમૃદ્ધિ યોજના અને માઈક્રો ક્રેડિટ ફાઈનાન્સ યોજનામાં લાભાર્થીને ચુકવણૂં કરવું, જ્યારે સીધા ધિરાણ યોજનામાં લાભાર્થીએ રજુ કરેલ કવોટેશન મુજબનાં વિક્રેતાને ચુકવણું કરવું.
9. ધિરાણ મેળવ્યા બાદ રૂ.૧.૦૦ લાખ સુધીનાં ધિરાણ કેસમાં ત્રણ વર્ષના એક સરખા માસિક હપ્તામાં લાભાર્થીએ લોન પરત ભરવાની રહેશે અને રૂ.૧.૦૦ લાખ ની ઉપરનાં ધિરાણમાં (પાંચ) વર્ષના એક સરખા માસિક હપ્તામાં લોન લાભાર્થીએ પરત ભરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની તા.૦૬/૧૧/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

P.A.Bumbadiya

( પ્રતાપ બુંબડીયા )
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાનાઃ-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.અને અધિકારિતા વિભાગ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(કો-સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- સેકશન અધિકારીશ્રી(જ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૩